## સંક્ષિપ્ત સમાચાર

### કાંકરેજ તાલુકામાં ૧.૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

કાંકરેજ તાલુકાના મૈડકોલ ગામના પાટિયા નજીક પોલીસે એક ટોયોટો ઈટીઓસ કાર નં. જીજે.૦૧. સીઝે૯૮૨૮ને દારૂ લઈને આવતી હોવાની અગાઉ મળેલ બાતમીના આધારે ઝડપી લેતા તેમાંથી વિદેશી દારૂની વિવિધ પ્રકારની કુલ ૧૩૩૬ નંગ બોટલ મળી આવી હતી. આ બોટલની કિંમત આશરે રૂ. ૧૩૩૬૦૦ તથા ગાડી સહિતના રૂપિયા ૪૮૩૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. આ ઘટના અંગે થરા પોલીસ સ્ટેશને ગુનો નોંધી પ્રોહીબીશન ગુના હેઠળ વધુ તપાસ હાથ ધરી છે. જો કે આ બનાવમાં કારચાલક આરોપી ગાડી મુકી નાસી છુટવામાં સફળ રહ્યો હતો તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### પ્રાંતિજ તાલુકાના ઘડકણમાં જિનાલયનો સાલગિરી મહોત્સવ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડકણ ગામમાં આવેલ એકસો એકાવન વર્ષ પૌરાણિક જિનાલયની મહાસૃષ્ટીના દિવસે સાધ્વીજી મ. સાહેબની નિશ્રામાં ઉજવવામાં આવી હતી. સ્તાક્ષપૂજા, પંચકલ્યાણકપૂજા, સ્વામિવાત્સલ, પ્રભાવ નાનો સમગ્ર લાભ સવિતાબેન અંબાલાલ શાહ મુંબઈવાળાએ લીધો હતો. સાલગિરી મહોત્સવમાં ઘડકણ ગામના બહારગામ રહેતા જૈન-ભાઈ બહેનો મોટી સંખ્યામાં આવ્યા હતા. સંઘની બે વાગે મળેલ ધાર્મિક મિટીંગમાં પ્રમુખ વસંતભાઈ શાહે ગત વર્ષ હિસાબ રજુ કર્યા અને કરેલ કામોની જાણકારી આપી હતી. અરવિંદભાઈ શાહ, અંબાલાલ શાહે કેશરીયાજી વાગ્યાનું જણાવતા કાર્યક્રમ ગોઠવવાનું નક્કી કર્યુ હતુ. મિટીંગમાં નવા વર્ષના પ્રમુખ તરીકે ભરતકુમાર રમણલાલ શાહ પ્રાંતિજવાળા અને ઉપપ્રમુખ તરીકે શશીકાન્ત શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

### મૌછામાં આશાપુરા માતાની પ્રતિષ્ઠા યોજાઈ

પ્રાંતિજ તાલુકા મૌછા ગામે આવેલ માઢવાળી મા આશાપુરાના ફોટાની પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મૌછા સમસ્ત ચૌહાણ પરીવાર દ્વારા તાજેતરમાં આદ્ય શકિત રાજ રાજેશ્વરી આશાપુરાના ફોટો પ્રતિષ્ઠા યજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ધ્વજારોહણ, શિખર પૂજા, પ્રતિષ્ઠા યજ્ઞ મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

### અમીનપુર પ્રાથમિક શાળામાં તસ્કરોનો હાથફેરો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામે આવેલ ગુજરાતી શાળામાં રાત્રી દરમ્યાન શાળામાં અજાણ્યા તસ્કરોએ પ્રવેશ કરી વીસ હજારની એલસીડી ચોરી જતાં આચાર્ય દ્વારા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના અમીનપુર ગામે આવેલ અમીનપુર પ્રાથમિક શાળામાં તા. ૨૩-૨-૨૦૧૬ થી ૨૪-૨-૨૦૧૬ ૧૦.૩૦ કલાક સુધીમાં શાળામાં અજાણ્યા તસ્કરો દ્વારા પ્રવેશ કરી કોમ્પ્યુટર રૂમના તાળા તોડી અંદરથી એલજી કંપનીનું ૪૨ ઈંચનું એલસીડી જેની કિંમત ૨૦ હજાર ચોરી કરી લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં શાળાના આચાર્ય સવિતોબન શંકરભાઈ પટેલ દ્વારા પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### કૃષ્ણપુરા કંપામાંથી બાઈક ચોરાયુ

તલોદ તાલુકાના કૃષ્ણપુરા કંપા ગામેથી ૨૦ ફેબ્રુઆરીના રોજ પાર્ક કરેલ બાઈક નં. જીજે.૯.એકે.૭૬૫૨ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન લાગતા કૃષ્ણપુરા કંપાના રમણલાલ રતિલાલ પટેલે સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### મોતીપુરાની શરણમ્ સોસાયટીમાંથી ૩૬ હજારની માલમત્તાની ચોરી

હિંમતનગરના મોતીપુરામાં આવેલી શરણમ્ સોસાયટીના એક બંધ મકાનને તસ્કરોએ શનિવારથી સોમવારના કોઈપણ સમયગાળા દરમિયાન નિશાન બનાવી મકાનમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૩૬ હજારની માલમત્તા ચોરી જતા રહીશે ઘરફોડ ચોરીના મામલે સોમવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હરકતમાં આવેલી પોલીસે ઘટનાની જાણ થયા બાદ ઘટના સ્થળનું નિરીક્ષણ કરી તપાસ આદરી હતી. ઘરફોડ ચોરીના મામલે પ્રાપ્ત વિગત અનુસાર મોતીપુરાની શરણમ સોસાયટીના ૧૬૬ નંબરમાં રહેતા કમલેશભાઈ ભગવાનભાઈ પરમાર ગત શનિવારે પોતાનું મકાન બંધ કરી કોઈ કામ અર્થે બહારગામ ગયા હતા. તે દરમિયાન કોઈ તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી મુખ્ય દરવાજાનો નકુચો તોડી બેડરૂમમાં પ્રવેશી લોખંડની તિજોરીના ડ્રોઅરોમાંથી આશરે રૂ. ૩૫,૫૦૦ની મત્તાના સોના-ચાંદીના દાગીના તેમજ એક લેડીઝ કાંડા ઘડિયાળ મળી રૂ. ૩૬ હજારની માલમત્તા ચોરી ભાગી છુટ્યા હતા.

### ધાનેરા ડી.બી. પટેલ હાઈસ્કૂલ પાસે અકસ્માત થતા ઈસમનુ મૃત્યુ

ધાનેરા વિકાસની સાથે વાહનોનો વિકાસ વધવા લાગ્યો છે. ધાનેરા ડી.બી. પટેલ હાઈસ્કૂલ તથા પાસે તાલુકા શાળા હોવા છતાં આ વિસ્તારમાં શટલિયા જીપ ચાલકોનો રાફડો જોવા મળી રહ્યો છે. આ બાબતે ડી.બી. પટેલ હાઈસ્કૂલના આચાર્યે બે વખત પોલીસમાં અરજી આપવા છતાં પોલીસે કોઈ ધ્યાન આપ્યું નથી. આજે બપોરે બંને શાળાની વચ્ચે પૂરઝડપે આવી રહેલ સફેદ સ્કોર્પિયો નં. જીજે.૯.એજી.૧૯૨૬એ એક યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે મૃત્યુ થયું હતું અને સ્કોર્પીયો સાથે ચાલક ભાગી ગયો હતો. આ બાબતે તુરંત પોલીસે આવી તપાસ કરતા સ્કોર્પીયો કુડા ગામના સરપંચની ગાડી છે અને ચાલક કાદરભાઈને પકડી લાવી જેલના હવાલે કરાયો હતો. ગામના મોટા ટોળા પોલીસ સ્ટેશને આવી પહોંચતા લોકોએ મરનાર રબારી સેંધાભાઈ વેનાભાઈ ઉં. આશરે ૨૯ના થયેલ અકસ્માતમાં મૃત્યુ બાબતે યોગ્ય ન્યાય મળવો જોઈએ અને ગુનેગારને સજા થાય તેવી માંગ કરી હતી. જ્યારે પોલીસે પીએમ બાદ વધુ તપાસ હાથ ધરી છે.

### પીલુદ્રાના યુવાને ઝેરી દવા પીધી

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના પીલુદ્રા ગામે શાહિલ શૈલેષભાઈ મકવાણા ઉં.વ. ૨૦ પોતાના ઘરમાં કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા શરીરે અસર થતાં પ્રથમ તેણે સારવાર અર્થે પ્રાંતિજ પી.એચ.સી. ખાતે લાવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યારે પ્રાંતિજ ખાતે હાજર તબીબી ડૉ. જે.કે. પ્રણામીએ પ્રાંતિજ પોલીસને જાણ કરતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં પશુ ચોર ગેંગ સક્રિય

**એક જ રાત્રીમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ત્રણ જગ્યાએથી પશુઓની ચોરી : પ્રાંતિજ, નનાનપુર, પીલુંદ્રામાંથી ૭૦ હજારના પશુઓની ચોરી**

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં પશુચોર ગેંગ સક્રિય થતાં પ્રાંતિજ સહિત તાલુકામાં બે જગ્યાએ પશુઓની ચોરી થતાં પશુ માલિકો દ્વારા પોલીસ ફરિયાદ થઈ હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે રહેતા વિરલકુમાર દિનેશભાઈ પટેલના વાડામાંથી દૂધની ભેંસ જેની કિંમત ૩૫ હજાર કોઈ અજાણ્યા તસ્કરો ઉઠાવી જતા પોલીસ ફરીયાદ થઈ છે. જ્યારે પ્રાંતિજના નનાનપુર ગામે પણ ઘર આગળથી રાત્રીના સમયે ભેંસ જેની કિંમત રૂ. ૩૫ હજાર અજાણ્યા ચોર ઈસમો ચોરી જતાં મહેશસિંહ રમણસિંહ પરમાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. જ્યારે મળતી માહિતી મુજબ પીલુંદ્રા ગામે પણ એક પશુની ચોરી થઈ છે. ત્યારે હાલ તો પ્રાંતિજ તથા તાલુકામાં તસ્કરો એક પછી એક નાની મોટી ચોરીને અંજામ આપી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ પોલીસ ઉંઘમાં ને તસ્કરો મોજમાં હોય તેવું જણાઈ આવી રહ્યું છે. ત્યારે ચોરીના બનાવોમાં વધારો થતા હાલ પ્રાંતિજ તથા તાલુકાની પ્રજા ભયના ઐંધાણ તળે હોય તેવું જણાઈ આવે છે. ત્યારે પોલીસ તંત્ર ઉંઘમાંથી જાગે અને રાત્રીનું પેટ્રોલિંગ કરી તસ્કરોને પકડવા કે ગુન્હાઓના ભેદ ઉકેલવા તત્પર બને તેવી માંગ ઉઠવા પામી છે.



**ધાનેરા નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ પરની અવિશ્વાસની દરખાસ્ત ફગાવાઈ**

ધાનેરામાં હાલ ભાજપ સરકાર પાસે નગરપાલિકાની સત્તા છે. જેમાં પ્રમુખ આશાબેન પટેલ અને ઉપ પ્રમુખ જગદીશભાઈ ઠક્કર હોદ્દો સંભાળી રહ્યા છે. વિરોધ પક્ષ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત તા. ૧૨-૨-૧૬ના રોજ મુકવામાં આવતા તા. ૨૨-૨-૧૬ના રોજ ધાનેરા મામલતદાર તેમજ સભાના અધ્યક્ષ રમેશભાઈ તુવરે બેસીને દરેક સભ્યો સમક્ષ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાઈ હતી. જેમાં ભાજપના ૧૨ સભ્યો અને કોંગ્રેસના ૯ સભ્યો થતાં ૧૨ સભ્યોએ પ્રમુખ અને ઉપ પ્રમુખની ફેવરમાં આંગળી ઉંચી કરતા ફરી સત્તામાં પ્રમુખ આશાબેન પટેલ તથા ઉપપ્રમુખ જગદિશભાઈ ઠક્કર સત્તામાં ચાલુ રહ્યા હતા. આમ અવિશ્વાસનો ફિયાસ્કો જોવા મળ્યો હતો.

# ડીસામાં ગટરમાં ખાબકેલા આખલાને બે કલાકના રેસ્ક્યુ બાદ મળ્યું જીવતદાન

ડીસા, તા. ૨૫

ડીસામાં અનેકો રહેણાંકની સોસાયટી અને જાહેરમાર્ગો પર બેદરકારીએ અનેકો ગટરલાઈનો ભયજનક રીતે ખુલ્લી મુકાતા અનેક પશુઓ આવા મોતની ગટરોમાં અકસ્માતે ખાબકતા મોતને ભેટે છે, આવાજ`ક કિસ્સામાં હાઈવે વિસ્તારની ધરતી રેસીડેન્સી સોસાયટીની એક ખુલ્લી ગટરમાં અબોલ આખલો ખાબકતા સ્થાનિકો અને જીવદયા પ્રેમિઓએ રેસ્ક્યુ હાથ ધાર્યુ હતું. જેમાં બે કલાકની ભારે જહેમત બાદ આખલાની જીવ બચાવવામાં આવતા જીવદયાપ્રેમીઓની આ કામગીરી પ્રશંસાપાત્ર બની હતી.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ડીસાથી પાલનપુર જતા હાઈવે પર માર્કેટયાર્ડ નજીક આવેલી ધરતી રેસીડેન્સી સોસાયટીની એક ખુલ્લી ગટરમાં આખલો અકસ્માતથી ખાબકતા તે બુમ બરાડા પાડવા લાગ્યો હતો. જેથી આજુબાજુના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. જો કે તે બાદ જીવદયાપ્રેમીઓને જાણ કરાતા બક્ષીભાઈ દેસાઈ અને અન્યો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પ્રથમ સ્થાનિકોએ આ આખલાને બચાવવા મથામણ હાથ ધરી હતી. જો કે આખલો વજનદાર હોઈ તે બાદ મદદમાં જેસીબી બોલાવાયું હતુ અને બે કલાકની ભારે જહેમત બાદ આ આખલાને હેમખેમ બહાર નીકાળવામાં રેસ્ક્યુની ટીમ સફળ રહી હતી. જો કે આ પ્રકારની ભયજનક ગાત્રો અબોલ પશુઓ માટે મોતનો સમાન બની રહી હોઈ આવી ગટરો તાત્કાલિક યોગ્ય રીતે બંધ કરવામાં આવે તેવી જીવદયા પ્રેમીઓએ માંગ કરી હતી.



**બાયડની વાત્રકગઢ પ્રાથમિક શાળામાં સ્વચ્છતા કિટનું વિતરણ**

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની વાત્રકગઢ પ્રાથમિક શાળામાં મોદીના સ્વચ્છતા અભિયાનને સમર્થન આપતા એક અજ્ઞાત દાતાએ ગુરૂવારે વાત્રકગઢ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૧૦૦ વિદ્યાર્થીઓને સ્વચ્છતા કીટ આપવામાં આવી હતી. સ્વચ્છતા કીટ વિતરણ કાર્યક્રમમાં વાત્રકગઢ પ્રાથમિક શાળાના આચાર્ય ચંદ્રિકાબેન પટેલ, ઉપશિક્ષક પંકજ પટેલ સહિત શિક્ષણગણ, એસએમસી કમિટીના સભ્યો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને અજ્ઞાતદાતાના સેવાકાર્યની સરાહના કરી હતી.

### વડાલીના બજરંગપુરાનો યુવક ગુમ થતાં ફરિયાદ

વડાલીના બજરંગપુરા વિસ્તારમાં રહેતો એક યુવક સોમવારે સાંજના સુમારે ઘરેથી કોઈને કહ્યા વગર જતો રહેતા તેના પરિવારજનોએ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતા મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.

આ અંગેની વિગત એવી છે કે બજરંગપુરામાં રહેતા સેનાભાઈ ભીખાભાઈ ખાંટનો પુત્ર મનોજ સોમવારે સાંજના સુમારે ઘરેથી કોઈને કહ્યા વગર જતો રહેતા પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ કોઈ પત્તો ન મળતા તેના પિતાએ મંગળવારે વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

# મહાભારત ગામની સીમમાં વીજ કરંટ લાગતા એકનું મોત

હિંમતનગર, તા. ૨૫

ઈડર તાલુકાના મહાભારત (સાબલી) ગામની સીમમાં એક ખેડૂતે પાકના રક્ષણ માટે ખેતરની ફરતે ગેરકાયદે વીજ લાઈનના તાર લગાવીને વીજ કરંટ વહેતો કર્યો હતો. જેના કારણે મંગળવારે એક શખ્સનું મોત નિપજ્યું હતું. જે અંગેની ફરિયાદ જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

મહાભારત ગામની સીમમાં રણછોડભાઈ કચરાભાઈ વણકરે પોતાના ખેતરની ફરતે જંગલી પશુઓના ત્રાસથી વીજ તાર લગાવીને તેમાં કરંટ મુક્યો હતો. દરમિયાન મંગળવારે અચાનક સવાભાઈ શંકરભાઈ પારધીને કરંટ લાગતા તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે કેશરાજી દેવાભાઈ પારધીએ રણછોડભાઈ વણકર વિરૂદ્ધ જાદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



**પાલનપુરમાં ચિત્ર સ્પર્ધામાં ભૂલકાંઓને મજા પડી...**

પાલનપુરના જાણીતા ચિત્રકાર પ્રેમ રાવલ અને અમૃત વાણની સ્મૃતિમાં જી.ડી. મોદી કોલેજ ગ્રાઉન્ડના હરિયાળી લોનમાં ફાઈન આર્ટસ કોલેજમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં શહેરની શાળા-કોલેજો-બાલમંદિરના ભૂલકાં સૌને મજા પડી હતી. જેમાં પાંચ વિષયો પર ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. વિશ્વા મંદીરના કે.આર. પરીખ બાલ મંદીર (ગુજરાતી) અને અંગ્રેજી માધ્યમ સહિત સ્વસ્તિક, સિલ્વર, આદર્શ, કર્ણાવત, નૂતન સહિતની તમામ શાળા-કોલેજો અને બાલમંદીરના ભૂલકાંઓએ ચિત્રો દોરી તેમાં રંગો પૂરતાં સુંદર દશ્યો સર્જાયા હતા.

# પાલનપુરમાં હોફ ફર્નિચરના પચીસમા શૉ રૂમનો પ્રારંભ

પાલનપુર, તા. ૨૪

ત્રણ દાયકા જૂની, ફર્નિચર ક્ષેત્રની પાયોનિયર કંપની અને ઓફિસ અને ઘરનુ જરૂરિયાત મુજબનું ફર્નિચર પુરૂ પાડતી હોફ ફર્નિચર સિસ્ટમ્સ પ્રા. લિમિટેડે તેના પચીસમા સ્ટોરનો ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર ખાતે પ્રારંભ કર્યો છે.

આર્થિક દષ્ટિએ પ્રગતિશીલ આ શહેરના મધ્યભાગમાં ઝડપથી વિકસતા વિસ્તારમાં આવેલ ફ્રેન્ચાઈઝી માલિકીનો આ સ્ટોર ૨૨૦૦ ચો. ફૂટ વિસ્તારમાં પથરાયેલો છે અને અહીં ભિન્ન પ્રકારનું ડિઝાઈન કરાયેલું તથા અર્ગોનોમિકલી ઢોળાવ ધરાવતી ખુરશીઓ અને સોફાની રજૂઆત કરાઈ રહી છે.

વર્ષ ૨૦૧૬ સુધીમાં ૫૦ સ્ટોર ઉમેરવાના ઉદ્દેશ સાથે આ નવા સ્ટોરનો ઉમેરો કરવામાં આવ્યો છે. હોફ અહીંથી જ્યાં બ્રાન્ડેડ ફર્નિચરની વણસંતોષાયેલી માંગ છે તેવા ગુજરાતના પાટણ, ડીસા અને મહેસાણા જેવા શહેરોને પણ અહીંથી ફર્નિચર પુરૂ પાડવા ઉપરાંત રાજસ્થાનમાં પણ ઈરાદો ધરાવે છે.



હોફના ચેરમેન પ્રવિણ પટેલ જણાવે છે કે હોફ તમામ ફર્નિચરમાં ધરમૂળથી પરિવર્તન લાવવાના સિદ્ધાંતમાં માને છે અને ગ્રાહકોને નજીકમાં મળતા અનબ્રાન્ડેડ ફર્નિચરને બદલે અથવા સસ્તા આયાતી ચાઈનીઝ ફર્નિચરને બદલે ઈન્ટરનેશનલ કલાસીફીલ ધરાવતુ ક્વોલિટી ફર્નિચર સાચી કિંમતે પુરૂ પાડવા માંગે છે. અમને પાલનપુરમાં પ્રવેશનો આનંદ છે. અમારી ઉત્તમ ફર્નિચર પુરૂ પાડવાની ધગશ ચાલુ રહેશે.

# કિફાયતનગરની પરિણીતા પાસે દહેજ માંગનાર સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર નજીકના કિફાયતનગરની પરિણીતા પાસે લગ્નના એકાદ વર્ષ બાદથી પતિ દ્વારા ધંધાર્થે રૂ. ૧ લાખના દહેજની માંગણી કરી સાસુ-સસરા અને દિયરોની ચડામણીથી ઝઘડા કરી શારીરિક-માનસિક ત્રાસ અપાતા પરિણીતાએ સોમવારે મહિલા પોલીસનું શરણું લીધુ હતું. પરિણીતાને કેરોસીન છાંટી મારી નાખવાની સાસરીયાઓ દ્વારા ધમકીઓ અપાતા તેણીએ સોમવારે પતિ સહિત સાસરીયા વિરૂદ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગર મહિલા પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર હાલ તાલુકાના વિરાવાડા ખાતે રહેતા રેશ્માબાનુના લગ્ન કિફાયતનગરમાં રહેતા શાહરૂખ રસુલભાઈ મનસુરી સાથે થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદથી રેશ્માબાનુના પતિ શાહરૂખે ધંધાર્થે રૂ. ૧ લાખના દહેજની માગણી કરી પત્નિ પર વહેમ રાખી ઝઘડા કરી શારીરિક-માનસિક ત્રાસ આપી મારઝુડ કરતો હતો. પરિણીતાને ત્રાસ આપવાના કૃત્યમાં તેણીના પતિનો સાસુ શાહેરાબાનુ રસુલભાઈ, સસરા રસુલભાઈ અલારખભાઈ મનસુરી તેમજ દિયરો જાવેદભાઈ અને તાલિફભાઈ મનસુરીની ચડમણીથી પરિણીતાને કેરોસીન છાંટી મારી નાંખવાની ધમકીઓ અપાતી હતી. જેથી કંટાળી જઈ પરિણીતા રેસ્માબાનુએ સોમવારે મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચી પતિ સહિત પાંચેય સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી છે.

# ગુંદેલ ગામમાં બાઈકની ટક્કરથી મહિલાનું મોત

હિંમતનગર, તા. ૨૫

ખેડબ્રહ્મા તાલુકાના ગુંદેલ ગામે રોડ ક્રોસ કરવા જતી મહિલાને બાઈકચાલકે ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજવાના બનાવ સંદર્ભે અકસ્માત સર્જી નાસી છુટેલ અજાણ્યા બાઈકચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત અનુસાર મૂળ બનાસકાંઠા જિલ્લાના જીતપુર ગામના રહીશ અને દિકરાઓથી તરછોડાયેલા સંતોકબેન ચુનીલાલ પંચાલ પોતાના પિયરના ગામ ગુંદેલમાં ભાડાનું ઘર રાખી રહેતા હતા. મંગળવારના રોજ સાંજના ૫.૩૦ વાગ્યાના સુમારે દૂધ લેવા માટે રોડ ક્રોસ કરતા હતા ત્યારે બાઈક નં. જીજે.૯.૫૨૯૨ના ચાલકે પોતાના કબજાની બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સંતોકબેનને ટક્કર મારી હતી. જેથી સંતોકબેન નીચે પડી જતા માથાના તથા હાથે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે ઈડરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

આ અંગે મૃતકના ભાઈ હીરાભાઈ રેવાભાઈ પંચાલ (રહે. ગુંદેલ) એ અકસ્માત સર્જી નાસી છુટેલ અજાણ્યા બાઈકચાલક વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંભોઈ બસ સ્ટેન્ડ પરથી પોસ્ટનો થેલો ગુમ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર તાલુકાના ગાંભોઈ બસ સ્ટેન્ડ પરથી ગત તા. ૨૨ ફેબ્રુઆરીના રોજ રંગુસિંહ લાલસિંહ પરમાર (રહે. વાંટડા) બસ સ્ટેન્ડ પર થેલો મુકીને શૌચક્રિયા માટે ગયા હતા ત્યારે આ ટપાલનો થેલો અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. આ થેલામાં ૧૬ રજીસ્ટર, ૧ પાર્સલ તથા અન્ય ટપાલો હતી. જેથી રંગુસિંહ પરમારે શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતા અજાણ્યા શખ્સ વિરૂદ્ધ મંગળવારે તેમણે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### પ્રાંતિજ કોલેજમાં માતૃભાષા ગૌરવદિનની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર પાસે આવેલ શ્રીમતી એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં માતૃભાષા ગૌરવદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક નિબંધલેખન, સ્લોગન જેવી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જ્યારે માતૃભાષા ગૌરવદિન નિમિત્તે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કામેશ્વર પ્રસાદ, સંસ્કૃતના અધ્યાપક ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રો. મંગુભાઈ પટેલે વ્યાખ્યાન આપ્યુ હતુ. જ્યારે આ કાર્યક્રમમાં કોલેજના તમામ અધ્યાપકો જોડાયા હતા જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. રાજેન્દ્રકુમાર પંચાલ અને ડૉ. સતીષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.